માનનીય અધ્યક્ષશ્રી,

બીજી ફેબ્રુઆરી-૨૦૨૪ના રોજ આ સન્માનનીય ગૃહમાં બજેટની રજૂઆત વખતે અમારી સરકારે શહેરોના આયોજનબધ્ધ વિકાસ દ્વારા ઇઝ ઓફ લિવિંગમાં વધારો કરવા નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા અને સુરેન્દ્રનગર/વઢવાણ નગરપાલિકાઓને મહાનગરપાલિકાઓમાં રૂપાંતર કરવાની જાહેરાત કરી છે.

હવે તેમાં વધુ બે શહેરનો ઉમેરો કરતાં આજે હું ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર-છાયા નગરપાલિકાને તથા ભારતના લોખંડી પુરૂષ તથા અખંડ ભારતના ઘડવૈયા શ્રી સરદાર પટેલની જન્મભૂમિ નડિયાદ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

પોરબંદર-છાયા શહેર દરિયાકિનારે આવેલ વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતું શહેર છે. આ શહેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ તથા રાજ્ય ધોરીમાર્ગોથી રાજ્યના મોટા શહેરો તથા અન્ય રાજયો સાથે જોડાયેલ છે. ભગવાનશ્રી કૃષ્ણની દ્વારકા અને ભોળાનાથની સોમનાથ નગરીની વચ્ચે પૂજય ગાંધીબાપુની આ જન્મ ભૂમિ આવેલ હોઇ અસંખ્ય મુલાકાતીઓ આ શહેરની મુલાકાત લેતા હોય છે. આ શહેર દરિયાકિનારે આવેલ હોઇ, ટુરિઝમ ક્ષેત્રે તથા પવન ઊર્જા અને સૌર ઊર્જા જેવા ગ્રીન એનર્જીના ક્ષેત્રે વિકાસ થવાની વિપુલ તકો ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

નડિયાદ શહેર પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ, એક્સપ્રેસ હાઇવે તથા રાજ્ય ધોરીમાર્ગથી અન્ય મોટા શહેરો સાથે જોડાયેલ છે. આ શહેર ગુજરાતના ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટ પર આવેલ શહેર છે.

આમ, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો ધરાવતા પોરબંદર અને નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો મળતા બન્ને શહેરોને આધુનિક માળખાગત સુવિધાયુક્ત બહુઆયામિ મહાનગરપાલિકાઓ તરીકે વિકાસ પામવાની ઉજજવળ તકો પ્રાપ્ત થશે તેવો મને ચોકકસ વિશ્વાસ છે.